તા. 12-07-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 12-07-2024 સવારે : 7.10 થી 7.20

વાર : **Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ✓ આજે ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી
- ✓ આજે વહેલી સવારથી જ અમરેલી તાપી સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ - વરસાદને પગલે પાકોને નવજીવન મળ્યુ
- ✓ સીએનું ફાઇનલનું પરિણામ જાહેર - અમદાવાદનું 20.22 ટકા પરિણામ, અમદાવાદની વિદ્યાર્થિની ટોપ-10 ટેનમા સામેલ
- ✓ સિધ્ધપુરમાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહની ઉપસ્થિતિમાં વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઇ.
- ✓ બોરવેલમાં ફસાતા બાળકોને બચાવવા માટે અમદાવાદના વિદ્યાર્થીઓ રોબોટનો પ્રોટો ટાઇપ તૈયાર કર્યો.

..........................................................................................

## Rainfall - District

તા. 12-07-2024

સમય : સવારે 7.10

રાજ્યમાં વરસાદની સ્થિતિ યથાવત છે. ગત ચોવીસ કલાકમાં સુરતના કામરેજમાં, વલસાડ જિલ્લાના ઉમરગામમમાં તથા આણંદના બોરસદ ખાતે સૌથી વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

રાજકોટ, અમદાવાદ, અમરેલી, સુરત, નવસારી, વડોદરામાં, અંદાજિત દોઢથી સવા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. મહેસાણા, પંચમહાલ, ગીર સોમનાથ અને છોટાઉદેપુર ખાતે સૌથી ઓછો વરસાદ હોવાના અહેવાલો છે, તો ગઇકાલે ભાવનગરના પાલીતાણા પંથકના ઘોઘામાં વીજળી પડતા એક મહિલાનું મોત નીપજ્યું છે. ઘોઘા તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગોહિલવાડ પંથકમાં વરસાદની આગાહી વચ્ચે માત્ર ઘોઘા તાલુકામાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે અન્ય તાલુકાઓમાં વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. દરમિયાન હવામાન વિભાગે બનાસકાંઠા, સાબરકાંઠા, તાપી, સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

.....................................................................

## AMRELI DAM

અમરેલી જિલ્લામાં આજે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. અમરેલી, વડીયા, લીલીયા અને ખાંભા પંથકમાં અડધો ઈંચ વરસાદ પડી

ગયો હતો. તો જાફરાબાદ અને દામનગરમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. અન્યત્ર વાદળ છાંયુ વાતાવરણ રહ્યું હતું.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરીશ ટાંક જણાવે છે કે , 2 દિવસ પહેલા પડેલા વરસાદથી અનેક ચેકડેમો, તળાવો છલોછલ થયા છે. 2 દિવસ પહેલા લાઠી પંથકમાં 3 ઇંચ કરતા વધુ વરસાદ ખાબકતા ચારેકોર પાણીપાણી જોવા મળ્યા હતા. લાઠીની ગાગડિયા નદી ચેકડેમ ઓવરફ્લો છે. તો તાપીમાં વ્યારા જિલ્લામાં પણ વરસાદ નોંધાતા ધરતીપુત્રોમાં આંનદ વ્યાપ્યો છે.

હરસુરપુર, દેવળીયા, કેરિયા સહિત વિસ્તારમાં 3 ઇંચ કરતા વધુ વરસાદ પડતાં ગાગડીયા નદીમાં ઘોડાપુર આવતા નદી પર બનાવેલ ચેકડેમ બંધારા ઓવરફ્લો થતા સમગ્ર પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે. હરસુરપુર, દેવળીયા, લીલીયા તાલુકાના બોડીયા સુધી તૈયાર કરવામાં આવેલ ચેકડેમો બંધારામાં મોટી માત્રામાં પાણી ચોમાસામાં પ્રથમ રાઉન્ડમાં પડેલા વરસાદથી સંગ્રહ થયો છે.

.........................................................

# DAYNEMICS GUJARAT

'ગુજરાત ગુણવતા સંકલ્પ' કાર્યક્રમ અંતર્ગત "ડાયનેમિક ગુજરાત: ગ્લોબલ હબ ફોર ટુરિઝમ, કલ્ચર એન્ડ સ્પોર્ટ્સ વિષય પર ચર્ચા સત્ર યોજાયું હતું.

તા. 12-07-2024

સમય : સવારે 7.10

આ સત્રમાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારે ઉપસ્થિત લોકો સાથે સંવાદ સાધ્યો હતો. અશ્વિનીકુમારે ચર્ચા સત્રમાં વધુ જણાવ્યું હતું કે, રમત-ગમત ક્ષેત્રે ગુજરાતના યુવાનો આગળ વધે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

ભારતમાં વર્ષ-૨૦૩૬માં યોજાનાર ઓલમ્પિક ગેમ્સ માટેની તૈયારીઓ અત્યારથી જ આરંભી દેવામાં આવી છે. રમત-ગમત ક્ષેત્રમાં મહિલાઓ પણ પોતાનું યોગદાન આપી રહી છે

સ્પોર્ટ્સની પ્રવૃતિઓને વેગ આપવા અમદાવાદમાં આંતરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃતિના જતન અને સંવર્ધનના ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનો પણ અશ્વિનીકુમારે ઉલ્લેખ કર્યો હતો.

.......................................................

# AMC ACTION

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા શહેરમાં ગંદકી કરતા એકમો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ગઇકાલે દિવસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં તપાસ હાધ ધરાઇ હતી જેમાં 67 એકમોને તપાસીને તેમાંથી ગંદકી કરતાં 55 એકમો સામે કાર્યવાહી કરીને 47 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

જ્યારે દર ગુરૂવારે થતા મચ્છર નાબૂદી અભિયાન -ડ્રાય ડે અંતર્ગત બે લાખ દસ હજાર કરતાં વધુ ઘરોના ચાર લાખ 94 હજારથી વધુ પાત્રોની ચકાસણી કરીને તેમાંથી બે હજાર પાંચસો કરતાં વધુ પાત્રોમાં મચ્છરનો ઉપદ્રવ જણાતાં તેને ખાલી કરી દેવાયાં હતાં.

.......................................................

## CA RESULTS

સીએનું ફાઇનલનું પરિણામ ગઇકાલે જાહેર થયું છે. આઇસીએઆઇ દ્વારા મે-જૂનમાં લેવાયેલી પરીક્ષાનું પરીણામ જાહેર થયું છે. દેશભરનું પરિણામ 19.88 ટકા જાહેર થયું છે.

જ્યારે અમદાવાદનું પરિણામ 20.22 ટકા આવ્યું છે.જ્યારે સીએ ઇન્ટરનું 18.42 ટકા રિઝલ્ટ આવ્યું છે. સીએની ફાઇનલની પરીક્ષમાં અમદાવાદની વિદ્યાર્થિની ટોપ -10માં આવી છે જ્યારે અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓ દેશમાં ટોપ-50માં સ્થાન પામ્યા છે.

.......................................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................................

તા. 12-07-2024

સમય : સવારે 7.10

# PATAN VIKASKAMO

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકા વિસ્તારના અગત્યના પ્રશ્નો અંગેની સમીક્ષા બેઠક ગઇકાલે યોજાઇ હતી. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી સિદ્ધપુર ખાતે યોજાયેલી આ બેઠકમાં સિદ્ધપુર વિસ્તારના વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

સિદ્ધપુર એરપોર્ટ, તાલુકાના વિવિધ રોડ અને રસ્તાઓ, રાહત દરના પ્લોટ, રમતગમતનું મેદાન, ગ્રામહાટ અને નગર પાલિકાના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ વિવિધ વિકાસ કામો બાબતે માહિતી મેળવી સત્વરે કાર્યવાહી કરવા માટે અધિકારીઓને જણાવ્યું હતું.

.......................................................

# PATAN PLASTIC ABHIYAN

પ્લાસ્ટિક મુકત પાટણ અભિયાન અંતર્ગત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં છાત્રો દ્વારા સફાઈ અભિયાન યોજી કેમ્પસમાંથી પ્લાસ્ટિકની બોટલો, કોથળીઓ સહિતના કચરાનો નિકાલ કરાયો હતો. ઈકો બ્રિકસ અભિયાન મિશન ગ્રીન પાટણ અંતર્ગત પાટણ જિલ્લાને પ્લાસ્ટિક મુકત કરવાના પ્રયાસ સ્વરૂપે આ શફાઇ અભિયાન યોજાયું હતું. આ અભિયાન અંતર્ગત ચોથીથી ૧૦ જુલાઈ સુધી પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે લોકોમા જાગૃતિ માટેના પ્રયત્ન કરાશે.

તા. 12-07-2024

સમય : સવારે 7.10

.....................................................

# Rajkot Melo

રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સ મેદાન ખાતે તારીખ ૨૪ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોકમેળામાં ધંધાર્થે સ્ટોલ લેવા માગતા અરજદારોએ ભરવાના ફોર્મ બાબતે લોકમેળા અમલીકરણ સમિતિના અધ્યક્ષ તથા રાજકોટના નાયબ કલેક્ટર દ્વારા સૂચના જારી કરવામાં આવી છે. દરેક સ્ટોલ ધારકે ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવા અને તેનું રેકોર્ડિંગ ૩૦ દિવસ સુધી સાચવવા આદેશ અપાયો છે. લોકમેળાના દરેક નાના સ્ટોલ/પ્લોટ ધારકે એક ફાયર એક્સ્ટિંગ્યુશર અને મોટા રાઇડ્સ, સ્ટોલ/ પ્લોટ ધારકે બે ફાયર એક્સ્ટિંગ્યુશર લગાવવાના રહેશે.

કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે વીમો તથા યાંત્રિક રાઈડ્સધારકોએ ફિટનેસ સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત છે. યાંત્રિક રાઇડસ ધારકોને ટેસ્ટ રિપોર્ટ મેળવ્યા બાદ જ વીજજોડાણ આપવામાં આવશે. તમામ રાઇડસ ધારકોએ ઈ.એલ.સી.બી. લગાવવાના રહેશે.

.....................................................

# AHMEDABAD STUDENT DEV DAVE

અમદાવાદની સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ બોરવેલમાં પડેલા બાળકોને બચાવવા માટે રોબોટનો પ્રોટોટાઇપ તૈયાર કર્યો છે.

તા. 12-07-2024

સમય : સવારે 7.10

**કેમેરાથી સજ્જ આ રોબોટથી બોરવેલમાં ફસાયેલા બાળકને શોધવા અને બચાવવામાં મદદ મળશે. આ રોબોટ બનાવનાર વિદ્યાર્થી દેવ દવેએ આ મુજબ જણાવ્યું હતું,**

**(બાઈટ - દેવ દવે, રોબોટ ઈનોવેટર અને વિદ્યાર્થી, સરકારી પોલિટેકનિક કોલેજ, અમદાવાદ)**

**આ રોબોટ હજુ પ્રોટોટાઈપ તબક્કામાં છે. જે સંપૂર્ણ રીતે તૈયાર થયા પછી તેનો ઉપયોગ કરી શકાશે. આ રોબોટનો ઉપયોગ પાણી પુરવઠાની લાઈનોનું સમારકામ, ભૂગર્ભ ગેસ પાઈપલાઈનમાં થતા લીકેજને અટકાવવા માટે પણ થઈ શકશે.**

.......................................................

# PM VISHAVKRAMA YOJNA

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત કોઈ પણ કુશળ કામદાર પોતાનો વ્યવસાય શરૂ કરી શકે છે. આ યોજના હેઠળ સરકાર દ્વારા બે તબક્કામાં ત્રણ લાખ રૂપિયા સુધીની લોન કોઈ પણ ગેરંટી વગર આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીઓને દૈનિક ૫૦૦ રૂપિયાના સ્ટાઈપેન્ડ સાથે પાયાની કૌશલ્ય તાલીમ આપવામાં આવે છે. પાત્રતા ધરાવતા નાગરિકો http://www.pmvishwakarma.gov.in પર જઈને અરજી કરી શકે છે.

.......................................................